# Fun with Family

Day-23 | 21 April, 2020





## "FWF Song"



ચિંટુએ કર્યો પિંટુને ફોન, લોકડાઉનમાં શું કરે છે બોલ???
પિંટુ કહે કંટાળ્યો ભઈ, ઘરની બહાર જવાનું નઈ.
ચિંટુ કહે don't worry, મોકલાવું તને Fun with Family.
જેવું મળ્યું Fun with Family, પિંટુની બધી જ મૂંઝવણ ટળી.
પિંટુનો થયો કંટાળો દૂર, આખો દિ' કરે આનંદ ભરપૂર.
આખો પરિવાર પણ હેપી હેપી, Thank you so much Fun with Family.

## "ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ"

બાળમિત્રો, આજે આપને સહજાનંદ નામાવલીના
મંત્રનો અર્થ ખ્યાલ આવે તે માટે ખૂબ જ સુંદર
Puzzle અહીં મૂકવામાં આવી છે...
લીંક દબાવો અને અર્થ સાથે
નામાવલીનો પાઠ કરો...

https://bit.ly/3bopqRB



## "અરે વાહ! મુખપાઠ"

આજના દિવસનો મુખપાઠ કરી લઈએ...
સ્વામિનારાયણ હરે... સ્વામીએ વાત કરી જે...

૧. ભગવાનને રોટલા દેવા હશે તો આકાશમાંથી દેશે,
નહિ દેવા હોય તો ઘરમાંથી પણ બળી જાશે. (૪/૧૨૮)

૨. મંદવાડ આવે તેમાં જે કાયર થઈ જાય તેણે કરીને દુઃખ તો મટે
નહિ ને તેમાં જે હિંમત રાખતા તે મહારાજને ગમતું. (૨/૫૨)


## “ક્વીઝ હાજર છે...”

Friends, Get ready for Quiz...

- https://bit.ly/2yqEDTB | Guj.
- https://bit.ly/3anYqQD | Hin.
- https://bit.ly/3eA2aSt | Eng.



## “ભેજું કસો, વાળ ખેંચો”




બાળમિત્રો, અહીં જે કોયડો મૂકાયો છે તેને ઉકેલવા તમારે આજે ભેજું કસવું પડશે અથવા વાળ ખેંચવા પડશે... જોઈએ કયો બાળમિત્ર આ Solve કરી શકે છે...

Ans: Blue - 1. Gray - 8. Red - 5

## “ખીચડી બારેમાસ”

આજે મમ્મી પાસેથી સૌથી સાદી અને સૌથી પૌષ્ટિક એવી ‘ખીચડી’ બનાવતા શીખીશું... અને સાથે સાથે તે Recipeની નોંધ પણ કરી લઈશું કે અંદાજે કેટલા વ્યક્તિ માટે કેટલા દાળ-ચોખાની જરૂર પડશે...

**Step-1:** પહેલા તપેલીમાં ચોખા લઈશું તેને ધોઈશું...



## "મમ્મીને મદદ"

Friends, આપણે આરતી ઉતારતા તો શીખી ગયા... પણ હવે આજે તે આરતી ઉતારવા માટેની દીવેટ કેવી રીતે બનાવાય તે શીખીશું...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/2RSxsdr



## "School Memories"

મિત્રો, આજે આપણા મમ્મી અને પપ્પાને સાથે બેસાડી તેમના સ્કૂલની યાદો જાણીશું... બહુ મજા આવશે... પણ બધું નોંધી લેજો...

પ્ર. ૧ - આપની સ્કૂલનું નામ શું હતું ?

પ્ર. ૨ - આપના મનપસંદ શિક્ષક કોણ હતા ? શા માટે ?

પ્ર. ૩ - આપનો સ્કૂલનો Best Friend કોણ હતો ?

પ્ર. ૪ - આપ રીશેષમાં શું કરતા ?

પ્ર. ૫ - નાસ્તાના ડબ્બામાં શું લઈ જતા ?


પ્ર. ૬ - સ્કૂલ સમયનો યાદગાર પ્રસંગ કયો છે ?

પ્ર. ૭ - આપને કયા શિક્ષકથી ખૂબ જ ડર લાગતો ?

પ્ર. ૮ - સ્કૂલે જવાનો કે Homework કરવાનો કંટાળો આવતો ?



## ‘‘વિચારો... વિચારો...’’




આપેલી દીવાસળીની રચનામાંથી
ફક્ત ૩ દીવાસળીને ખસેડીને
૨ ચોરસ બનાવો. યાદ રાખો,
દીવાસળી કાઢવાની નથી,
ફક્ત ખસેડવાની છે.

## ‘‘ચાલો ‘દરજીકામ’ શીખીએ’’

આજે પસ્તીમાંથી ઘરના સભ્યો માટે
શર્ટ, પેન્ટ, ટોપી બનાવીશું...
અને બધા જ સભ્યો તે પસ્તીના કપડાં
પહેરી Group Photo પડાવીશું...
બાળમિત્રો, જો જો કોઈ સભ્ય રહી
ન જાય...



## ‘‘એ... લખોટી’’



આજે પણ એક અદ્‌ભુત રમત હાજર છે...
લીંક દબાવો અને રમત શીખો...

https://bit.ly/2XOsfHo

## "અરે... બાપ રે...!"



હવે જોઈએ તમારા
પરિવારમાં કોણ જીતે છે...
લીંક દબાવો અને રમત શીખી
**Competition** શરૂ કરો...

https://bit.ly/3bpxKAu

## "મંદિર દર્શનયાત્રા"

બાળમિત્રો, આજે પરમ પવિત્ર
તીર્થસ્થાન એવા સારંગપુર
મંદિરની દર્શનયાત્રા કરીએ...
આખો પરિવાર સાથે બેસી આ
દર્શનયાત્રા કરીશું... મજા આવશે...

https://bit.ly/2RRcNGX



## "આબરા કા ડાબરા..."



ચાલો, ફક્ત એક પેનથી કેવા કેવા
જાદુ થઇ શકે છે??? તે શીખીએ
અને પરિવારના સભ્યો સામે રજુ
કરીએ...

https://bit.ly/2XQky3G

## “અજબ ગજબ ABCD”

અત્યારની બીમારીમાં રક્ષા થાય તેવી સમજૂતી આપતી **ABCD** હાજર છે...
ધ્યાનથી વાંચી - અર્થ સમજી - પાલન કરો...

| | | | | |
|---|---|---|---|---|
| **A** AVOID CROWD | **B** BEWARE OF FAKE NEWS | **C** CLEAN YOUR HANDS | **D** DON'T GO OUT | **E** EMPTY THE STREETS |
| **G** GATHERING IS BAD | **H** HAND SANITIZING | **I** INSIDE THE HOME | **J** JOIN FIGHT AGAINST CORONA | **K** KIND TO THE NEEDY |
| **L** LOVE YOUR FAMILY | **M** MEDITATE DAILY | **N** NO TO HANDSHAKES | **O** OFFER HELP TO EACH OTHER | **P** PRACTICE YOUR PASSION |
| **Q** QUARANTINE YOURSELF | **R** REGULAR EXERCISING | **S** SOCIAL DISTANCING | **T** TRAVELING IS DANGEROUS | **U** USE MASKS |
| **V** VISIT YOUR DOCTOR ONLINE | **W** WEAPONIZED IMMUNE SYSTEM | **X** XTRA PRECAUTIONS FOR ELDERS | **Y** YOUR AWARENESS IS A PREVENTION | **Z** ZERO FACE TOUCHING |

## “કોણ જીતશે??”









હવે, ઘરના સભ્યો વારાફરતી એકબીજાની સામે બેસી અદબ વાળી એકબીજાની આંખમાં જોશે... પણ યાદ રહે આંખો સ્થિર રાખવાની છે... જેની આંખ પહેલા પલકારો મારે તે આઉટ.. જોઈએ કોણ પોતાની આંખ વધુ સમય સુધી પલકારો માર્યા વગર સ્થિર રાખી શકે છે....

# "My Guru, My Life"

આજે ગુરુહરિના સુંદર છ ફોટોગ્રાફ્સ મૂકાયા છે... ઘરના બધા સભ્યોએ સાથે બેસી નક્કી કરવાનું છે કે કોને કયો ફોટો ગમે છે... જેને જે ફોટો ગમે તે ફોટો ડાઉનલોડ કરાવી તેમના ફોનમાં **Home Screen** પર રાખવા વિનંતી કરો...

https://bit.ly/2yqP4qf



## Story Time

# છે, છે અને છે !

દિલ્હીમાં લવો ને બાદશાહ હતા. એક દિવસ બાદશાહે લવાને કહ્યું, 'ચાર પ્રકારના માણસો શોધી લાવો :

(૧) છે, છે અને છે.

(૨) નથી, નથી અને નથી.

(૩) છે અને નથી અને

(૪) નથી અને છે.



લવો નગરમાંથી ત્રણ માણસોને લઈ આવ્યો :

(૧) નગરના શેઠ

(૨) ગરીબ કસાઈ અને

(૩) તપસ્વી મહાત્મા.

બાદશાહે પૂછ્યું, 'આમાંથી છે, છે અને છે-વાળો માણસ કોણ છે ?'



લવાએ નગરશેઠનો પરિચય કરાવ્યો. અને કહ્યું, 'આ નગરશેઠ. તેમણે પૂર્વજન્મમાં બહુ પુણ્ય કર્યાં હશે, તેથી આ જન્મે શેઠ થયા છે. આ જન્મે પણ ખૂબ દાન-પુણ્ય કરે છે. ધર્મ-નિયમયુક્ત જીવન જીવે છે. તેથી આવતા જન્મે પણ ખૂબ સુખ-શાંતિ ભોગવશે. તેથી આ શેઠને સુખ-શાંતિ છે, છે અને છે.'


**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

ત્યારબાદ લવાએ ફાટેલાં તૂટેલાં કપડાંવાળા કસાઈ માણસને બતાવીને કહ્યું, 'આ માણસે પૂર્વે ઘણાં પાપ કર્યાં હશે. તેથી આ જન્મે તે ગરીબ થયો છે. આ જન્મે પણ ચોરી અને હિંસા કરવાનું કામ કરે છે. તેથી પછીના જન્મે પણ તે આવો જ રહેશે. તેથી તેને સુખ-શાંતિ નથી, નથી ને નથી.'





પછી તપસ્વી મહાત્માને ઓળખાવી લવાએ કહ્યું, 'આ તપસ્વી હાલ બાણની પથારી પર સૂઈ રહે છે, લૂખું-સૂકું ખાય છે, શરીરને ગણકારતા નથી. પરંતુ તેમનાં પુણ્ય અને તપના પ્રતાપે તેમને આગળ જતાં જરૂર સુખ-શાંતિ મળશે. તેથી નથી પણ છે-વાળો આ તપસ્વી છે.'



પછી બાદશાહે પૂછ્યું, 'છે પણ નથી, તેવો ચોથો માણસ ક્યાં ?' ત્યારે લવાએ નીચું મસ્તક રાખી કહ્યું, 'હજૂર ! મને માફ કરશો. પરંતુ તેવા માણસ તમે પોતે જ છો. કારણ કે તમે ઘણાં પાપ કરો છો. તેથી આ જન્મ ભલે તમારી પાસે ધન-દોલત ઘણું છે. પણ પછીથી કંઈ નહીં હોય. તેથી છે પણ નથી, તે આપ પોતે જ છો.'



બાદશાહને સમજાયું, 'ખરેખર, જેવું કર્મ કરીએ તેવું જ ફળ મળે છે.' પછી તેમણે નગરશેઠ જેવાં સારાં કાર્યો કરી 'છે, છે અને છે.' જેવા માણસ બનવાનો નિર્ણય કર્યો.

બોધ : જૈસી કરની વૈસી ભરની.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Not a Weakness but a Strength

Three children were playing in a forest in Japan. When all of a sudden an axe fell from a tree and struck a boy in his arm. The boy began to cry. Sadly, the boy later lost his entire left arm.









The boy was very sad. He wanted to be a karate master. No one would teach him now. Would they?

His father tried to calm him. But it never worked. He was always sad.

But his sadness did not last forever. One day, he found a sensei that was happy to teach him. The boy began his lessons but was surprised. The sensei would only teach him one move.





**Friends, today you have to prepare this story and present it to the parents.**




The sensei soon signed the boy up for a competition. The boy only knew one move. How well could he do? However, to the audience's surprise, the boy beat most of the fighters in the competition.

As time went on, he beat the greatest fighters of his time. He was an international champion. Now even the boy was curious: "How could I be so successful because of just one move?"




The sensei explained that the boy was successful because he had worked hard and mastered the move the sensei had selected. And, the move the master had chosen could only be defeated by holding the boy's left hand - the hand he did not have.

What he used to believe was his weakness was in fact his strength.

**Remember, you have to perform this story in front of Mom and Dad.**

























Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2XOJ1WT



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ